સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૮/૬/૯૦ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

...

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૨/૫/૯૦ ના પત્ર નં.ટીપીસ/૮/૪ થી વિદિત થઈ, તેમાં જણાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અને તેના નિયમો ૧૯૭૯ ની જોગવાઈ મુજબ નગર રચના નં.૧૮(કતારગામ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા તથા તે અંગેની કાર્યવાહી કરવાની મંજુરી આપવા તથા સરકારશ્રીમાં જરૂરી પત્રવ્યવહાર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા બાબતના કામે સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમના નિયમો, ૧૯૭૯ ના નિયમ ૧૮ અન્વયે પ્રસિધ્ધ કરવા સારૂ મ્યુ.કમિશનરશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૮(કતારગામ) નો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ અને તેના નિયમો ૧૯૭૯ ની જોગવાઈ મુજબ પ્રસિધ્ધ કરવા તથા તે અંગે જરુરી કાર્યવાહી કરવા મંજુરી આપવાનું તથા આ અંગે સરકારશ્રીમાં જરુરી પત્રવ્યવહાર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં આ સ્કીમની સૂચિત દરખાસ્તમાં તથા રીઝર્વેશનમાં xxxxx-ગેરકાયદેસર થયેલા બાંધકામો તથા ટી.પી.ના સૂચિત રસ્તાઓમાં થતાં બિન અધિકૃત બાંધકામો અટકાવી તાકીદે દુર કરવા કમિશનરશ્રીએ તાકીદે કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૧૨ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

Inward No. ૯૯૬
T. P. D. 001
Date 20/6/90

સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા
તા. ૨૫-૬-૯૦